દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬

બોલીવુડ પર હવે દાઉદ ઈબ્રાહીમને બદલે લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધાક

એક સમય હતો જ્યારે મુંબઇના બોલિવુડ પર દાઉદ ઈબ્રાહિમની ડી કંપનીનો ધાક હતો. હાજી મસ્તાનથી લઇને દાઉદ સહિતના ડોનનો પ્રભાવ એટલી હદે હતો કે, ફિલ્મના રાઇટ્સથી લઇને રોલ સુધી તેમની ભૂમિકા રહેતી હતી. તેઓ તેમનું ધાર્યું કરાવતા હતા અને ફિલ્મોમાં ફાયનાન્સ પણ કરતાં હતાં. છેલ્લે અબુ સાલેમ બોલીવુડ પાસે નાણા પડાવવામાં સક્રિય હતો અને ત્યાર પછી દાઉદની સામે પડેલી ગેંગ દ્વારા પણ આવો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ સફળતા મળી ન હતી. પરંતુ હાલમાં દાઉદ ઇબ્રાહિમની ડી ગેંગને બદલે લોરેન્સ બિશ્નોઇ ગેંગનો દબદબો વધી રહ્યો છે. હાલમાં જ દિગદર્શક રોહિત શેટ્ટીના ઘરે ફાયરિંગ કરાવવામાં આવ્યું હતું અને તેની પાસે ખંડણી માંગવામાં આવી હતી. તેવી જ રીતે રણવિરસિંગને પણ ધમકી આપવામાં આવી રહી છે. જેમાં લોરેન્શ બિશ્નોઇ ગેંગનો હાથ હોવાનું કહેવાઇ રહ્યું છે. આ ગેંગનો હરી બોક્સર બોલિવુડને ધમકી આપવામાં સક્રિય થયો છે ત્યાર તે કોણ છે તે જાણવું જરુરી છે. હરી બોક્સર લોરેન્સ બિશ્નોઈ ગેન્ગનો સભ્ય છે. તેનું સાચું નામ હરિચંદ છે.એક સમયે, હરી સેના અને પોલીસમાં જોડાવાની તૈયારી કરી રહ્યો હતો. લોરેન્સ ગેન્ગના સંપર્કમાં આવ્યા પછી, તેણે લોકોને ધમકાવવાનું શરૂ કર્યું. હરીના પિતાનું નામ ગિરધારી જાટ છે, જે વ્યવસાયે ખેડૂત હતા. હરી એક સમયે જયપુરમાં બોક્સિંગ શીખતો હતો, તેથી તેનું ઉપનામ હરી બોક્સર હતું. હરી બોક્સર અલવરના નવા કોતરાયેલા જિલ્લા કોટપુતલી-બેહરોરના બાંસુરનો રહેવાસી છે. હરી બોક્સર સામે જયપુર, ધોલપુર, સીકર, કરૌલી અને અલવર સહિત વિવિધ વિસ્તારોમાં લૂંટ, હત્યાનો પ્રયાસ અને હુમલાના 10 થી વધુ કેસ નોંધાયેલા છે. હરી બોક્સર હાલમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં છે. તે 2024માં ડુંગી રૂટ દ્વારા ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશ્યો હતો. યુએસમાં, હરી બોક્સર લોરેન્સ ગેન્ગ માટે સક્રિય છે. તે અમેરિકાથી ગેન્ગનું કામ કરે છે. લોરેન્સ બિશ્નોઈના ગોલ્ડી બ્રારથી અલગ થયા પછી, તેણે ગેન્ગના સંચાલન માટે હરી બોક્સરને અમેરિકામાં તૈનાત કર્યો. હરી બોક્સરને લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ સાથે ગાઢ મિત્રતા છે. બંને વારંવાર વાતચીત કરે છે. કપિલ શર્માને પણ ધમકી આપવામાં આવી હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં, કેનેડામાં કોમેડી કિંગ કપિલ શર્માના કાફેમાં ગોળીબાર થયો હતો, જેની લોરેન્સ બિશ્નોઈ ગેન્ગે જવાબદારી લીધી હતી. હરી બોક્સરનું ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું હતું, જેના કારણે સોશિયલ મીડિયા પર સનસનાટી મચી ગઈ હતી. થોડા સમય પહેલા ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘરની બહાર ગોળીબાર થયો હતો. આ ઘટનાના સંદર્ભમાં પાંચ લોકો - અમન મારોટે (27), આદિત્ય ગાયકી (19), સિદ્ધાર્થ યેનપુરે (20), સમર્થ પોમાજી (18) અને સ્વપ્નિલ સકટ (23) - ની ધરપકડ કરવામાં આવી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેન્ગના સભ્ય શુભમ લોનકરનું નામ વોન્ટેડ આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. જે તમામ પણ હરી બોક્સરની અંડરમાં કામ કરતા હોવાનું જાણવા મળે છે. 14 એપ્રિલ 2024ના આ રોજ સલમાન ખાનના ઘરે પણ ફાયરિંગ થયું હતું. ગેલેક્સી એપાર્ટમેન્ટ પર સવારે 5 વાગ્યે 1 બાઇક સવાર ઈસમોએ 4 રાઉન્ડ ફાયર કર્યા હતા. આ પહેલા સલમાન ખાનને ઘણી વખત ધમકીઓ મળી ચૂકી છે. આ મામલે પોલીસે છ લોકોની ધરપકડ પણ કરી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગે સોશિયલ મીડિયા થકી સલમાન ખાન પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી. આ પહેલા પણ લોરેન્સ બિશ્નોઇ ગેંગે સલમાન ખાનના જીજાજી આયુષ શર્માને ધમકી ભર્યો મેઈલ પોલીસે તપાસ શરૂ કરી છે.

સૂત્ર મુજબ આ ઈમેઈલ પ્રોટોન ઈમેઈલનો ઉપયોગ કરી મોકલવામાં આવ્યો છે. ઈમેઈલ કરનારાએ લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હોવાનો દાવો કરી ધમકી આપી હતી. આમ વાત જે હોય તે પરંતુ બોલિવુડ માટે હવે દાઉદ ઇબ્રાહિમ નખ વગરનો વાઘ સાબિત થઇ રહ્યો છે જ્યારે લોરેન્સ બિશ્નોઇનો દબદબો વધી રહ્યો છે. 80થી 90ના દસકામાં જે રીતે દાઉદ ગેંગમાંથી ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોને એક ફોન જતો હતો અને તેઓ ધ્રુજી ઉઠતા હતાં તેવું જ નામ અત્યારે લોરેન્સ બિશ્નોઇ ગેંગનું થઇ ગયું છે. બસ એક ફોનથી જ ફિલ્મસ્ટાર દોડતા થઇ જાય છે તે સત્ય હકીકત છે.

તદ્દન સાદુ સત્ય

એક જાપાની કથા છે. એક માણસ પોતાના બગીચામાં સુંદરતમ ફૂલો ઉગાડે કે તેના બગીચાની પાસેથી કોઈ પસાર થાય તો બસ ફૂલોને જોતું જ રહી જાય. આ માણસને એક અજબ ધૂન હતી કે સંશોધન કરી બસ સુંદરતમ ફૂલો ઉગાડવા. તેને ફૂલો ઉગાડીને પૈસા કમાવાન હતા, તેને ફૂલો ઉગાડીને કોઈ નામના મેળવવી ન હતી. બસ એક શોખ હતો સુંદર ફૂલો ઉગાડવાનો અને તે બસ સુંદરતમ સુંદર ફૂલોઉગાડતો હતો.

એના બગીચામાં અદભુત ફૂલો જોઈને લોકોમાં એવી વાત ચાલવા માંડી હતી કે આ માણસ કોઈ રહસ્યમય વિદ્યા કે જાદુ જાણે છે નહીંતર ક્યાંય ન ઉગે તેવા સુંદરતમ ફૂલો તેના બગીચામાં શું કામ ઉગે આખા દેશમાં ઘણા માળી છે આખા દેશમાં ઘણા ફૂલોના જાણકારો છે કંઈક કેટલા બગીચા છે છતાં પણ આ માણસના બગીચામાં છે એટલા સુંદર ફૂલો ક્યાંય ઉગતા નથી.

ધીમે ધીમે આ માણસ અને તેના ફૂલોની કીર્તિ દેશના રાજાના કાને આવી એટલે આ વાતનું રહસ્ય જાણવા માટે રાજાએ એને પોતાના મહેલમાં આવવાનું આમંત્રણ આપ્યું. માણસ જ્યારે મહેલમાં આવ્યો ત્યારે રાજા તેને પોતાના બગીચામાં લઈ ગયા. રાજાના બગીચામાં પણ સુંદરતમ ફૂલો લહેરાતા હતા, માણસ તો તે સુંદર ફૂલો જોઈને ખુશ ખુશ થઈ ગયો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

થોડીવાર વાતચીત થયા પછી રાજાએ તે માણસને પૂછ્યું કે, 'તમારા બગીચામાં આવા સરસ ફૂલો તમે કઈ રીતે ઉગાડી શકો છો? શું કોઈ રહસ્ય કે જાદુઈ વિદ્યા છે??' ત્યારે તે માણસે જવાબ આપ્યો, 'મહારાજ, તેનું કોઈ રહસ્ય નથી... કોઈ જાદુ પણ નથી... સાવ તદ્દન સાદી વાત છે. જે તમારા અને મારા મનની છે. જે વાત મારા બગીચાની છે,તે દેશ આખાની તમામ પ્રવૃત્તિઓની છે.' રાજાએ પૂછ્યું, 'એટલે એમાં મનની શી વાત લાગુ પડે છે?' માણસે કહ્યું, ' મહારાજ, જેમ એક સુંદર સારો વિચાર મનમાં લાવવો હોય તો અનેક નાના નિર્માલ્ય વિચારોને ઉચ્છેદીને મનમાંથી દૂર કરવા જરૂરી છે. બરાબર એવી જ રીતે મારા બગીચામાં એક સુંદર સારું ફૂલ મેળવવા માટે નકામા છોડ,પાન ઘાસ અને નિર્માલ્ય નાના નાના ફૂલો આપતા અનેક ફૂલ છોડોને હું ઉખાડીનેદૂર કરી નાખું છું અને ત્યારે જ મને એક સુંદરતમ સારું ફૂલ મળે છે. આ તદ્દન સાદું સરળ સત્ય દરેક પ્રવૃત્તિઓને લાગુ પડે છે,જ્યારે માણસ નાની-નાની નિર્માલ્ય પ્રવૃત્તિઓને જીવનમાંથી કાઢી નાખે અનેખરેખર એક જ મનગમતી ઉચ્ચતમ પ્રવૃત્તિ પાછળ પોતાની જાતને લગાવે ત્યારે તે સુંદર ઉચ્ચતમ સફળતાનું ફળ મેળવે છે. રાજાને આ સરળ સત્ય સમજાઈ ગયું.

તાજેતરની સંસદની ચૂંટણીના પરિણામોએ જાપાનના બંધારણમાં ક્રાંતિકારી ફેરફારો માટેનો માર્ગ મોકળો કર્યો છે

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

તાજેતરમાં થયેલ સ્નેપપોલના પરિણામો થકી વડાપ્રધાન સનાએ તકાઈચીના નેતૃત્વ હેઠળની જાપાનની લિબરલ ડેમોક્રેટીક પાર્ટીએ ૧૯૪૭ બાદ સંસદમાં રેકોર્ડ સીટો જીતીને ૨/૩ કરતાં વધુ બહુમતી એકલે હાથે મેળવી છે. આ સ્ટીમરોલર બહુમતીને કારણે તકાઈચીની સરકાર સંસદ પાસે જાપાનના બંધારણના અનુચ્છેદ-૯માં સુધારો કરાવી શકશે, જે થકી અત્યાર સુધી જાપાન માત્ર પોતાના આંતરિક રક્ષણ માટે જ સૈન્ય રાખતું હતું તેને બદલે હવે પોતાની આગવી સૈન્ય તાકાત ઊભી કરી બીજા વિશ્વયુદ્ધ પહેલાનાં મિલિટરી પાવર જાપાન તરફ મહત્ત્વનું કદમ ઉઠાવશે. આની સીધી અસર ચીન પર પડી શકે છે. આમેય ચીન અને જાપાનના સંબંધો બહુ સારા નથી. તાજેતરના ભૂતકાળમાં ચીનના નૌકાકાફલાની કવાયત પોતાની જાણબહાર આયોજાઈ હોવાનો આક્ષેપ કરી જાપાને ચીન સામે વિરોધ નોંધાવ્યો હતો.

ઐતિહાસિક બહુમતીથી તાકાઈચીની લિબરલ ડેમોક્રેટીક પાર્ટી જાપાનની સંસદમાં ચૂંટાઈ આવી છે ત્યારે પોતાના બંધારણના અનુચ્છેદ-૯માં સુધારો કરી જીડીપીના બે ટકા જેટલી રકમ જાપાન પોતાની આક્રમક મિલિટરી તાકાત ઊભી કરવા તત્પર બન્યું છે તે સંયોગોમાં સૌથી વધારે ચિંતા ચીનને થવી જોઈતી હતી પણ તકાઈચીની આ રેકોર્ડ જીત પ્રત્યે ચીને ઠંડો પ્રતિભાવ આપ્યો છે. કદાચ ચીન માટે પણ લિબરલ ડેમોક્રેટીક પાર્ટી આટલી મોટી જંગી બહુમતી મેળવશે એ નવાઈ પમાડનાર ઘટના હશે.

છેલ્લા ત્રણ મહિનાથી ચીન દ્વારા વડાપ્રધાન તકાઈચી સામે ટીકાઓ અને નૌકાકાફલાની કવાયત જેવી ઘટનાઓ થકી દબાણ ઊભું કરવાનો સતત પ્રયાસ થયો છે. નિષ્ણાતોનું એવું માનવું છે કે ચીને જે રીતે તકાઈચી સામે આક્રમક નકારાત્મક પ્રચાર કર્યો હતો તે ઊલટો પડ્યો છે. જાપાનની લિબરલ ડેમોક્રેટીક પાર્ટીને ચીનના આ શત્રુતાપૂર્ણ અને ટીકાત્મક વ્યવહારને કારણે ઘરઆંગણે મદદ મળી છે, જેણે એને રેકોર્ડ બહુમતીથી પાર્લામેન્ટમાં ચૂંટાઈ આવવામાં મદદ કરી છે જે થકી આગામી સમયમાં સંરક્ષણની દૃષ્ટિએ ખૂબ મજબૂત જાપાન હકીકત બની શકે.

જાપાનના જે રાજકીય પક્ષો ચીન માટે કૂણી લાગણી ધરાવે છે તે સંસદની આ ચૂંટણીમાં નબળા પડ્યા છે. નવેમ્બર, ૨૦૨૫માં જાપાન અને ચીન વચ્ચેના સંબંધોમાં એક મોટો આંચકો આવ્યો હતો. કારણ કે તકાઈચીએ કહ્યું હતું કે ચીન તાઈવાન સામે બળપ્રયોગ થકી જો એનો કબજો લેશે તો તેવી પરિસ્થિતિ જાપાન માટે 'અસ્તિત્વ સામેના પડકાર' સમાન હશે અને એને કારણે જાપાને અમેરિકન સૈન્યોના ટેકામાં યુદ્ધમાં જોતરાવું પડશે. આ વિધાનથી ગુસ્સે થયેલ ચીની સરકારે પોતાના નાગરિકોને જાપાનની મુલાકાતે જતાં રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરિણામે ઘરઆંગણે તકાઈચીની લોકચાહનામાં વધારો થયો. લિબરલ ડેમોક્રેટીક પાર્ટીએ જે રેકોર્ડ દેખાવ કર્યો તે માટે જાપાનમાં ચીન માટે પ્રવર્તતી ઘૃણા અને શત્રુતાની લાગણી પણ કારણભૂત ગણી શકાય.

ચીનના વિદેશ મંત્રાલયે જાપાનની રાષ્ટ્રવ્યાપી ચૂંટણીઓના આ પરિણામોને સાવ ઠંડો પ્રતિસાદ આપતા આ આખીય ઘટનાને જાપાનની આંતરિક બાબત ગણાવતા તાકાઈચીને સલાહ આપી છે કે, 'એણે ઉશ્કેરણીજનક વિધાનો કરવાથી દૂર રહેવું જોઈએ.'

૨/૩ બહુમતીથી સંસદ ઉપર પ્રભુત્વ ભોગવનાર જાપાનની લિબરલ ડેમોક્રેટીક પાર્ટી જાપાનના સંવિધાનની કલમ-૯, જે મુજબ પોતાના સાર્વભૌમત્વના અધિકાર માટે યુદ્ધ નહીં કરવાનો જાપાનનો નિર્ધાર તેમજ જાપાનને સશસ્ત્ર સેનાઓ રાખતું અટકાવે છે તેમાં ફેરબદલ કરી શકે છે. ચીન સ્વાભાવિક રીતે જાપાનના સંવિધાનની કલમ-૯માં કોઈ પણ ફેરફારનો વિરોધ કરે છે. ચીનની સામ્યવાદી પાર્ટીના મુખપત્ર પીપલ્સ ડેઈલીમાં તાકાઈચીના બેજવાબદાર ઉચ્ચારણો થકી ચીન અને જાપાન વચ્ચે તણાવ ઊભો કરવાનું વલણ તેમજ બંધારણની કલમ-૯માં ફેરફાર કરવાના વલણની ટીકા કરી છે.

૧૯૫૫ જ્યારે જાપાનની લિબરલ ડેમોક્રેટીક પાર્ટી અસ્તિત્વમાં આવી ત્યારથી એનું વલણ જાપાનનું નવું બંધારણ ઘડવાનું રહ્યું છે. એકલા હાથે લિબરલ ડેમોક્રેટીક પાર્ટીને સંસદના નીચલા ગૃહમાં ૨/૩ કરતાં વધારે અને એનાં સાથી પક્ષ જાપાન ઈનોવેશન પાર્ટી સાથે ૩/૪ કરતાં વધારે બેઠકો મળવાને કારણે હવે જાપાનના બંધારણમાં આમૂલ ફેરફારો થઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વિદ્વાન-દેશભક્તોની બૌદ્ધિક ધરોહર: માધવ ગાડગીલ અને આન્દ્રે બેતેઈલ

સમયાંતર
રામચંદ્ર ગુહા

ગાડગીલ અને આન્દ્રેની કારકિર્દીની શરૂઆતમાં જ તેમના મૂળ પ્રાંતની બહાર જવાથી તેમના બૌદ્ધિક વિશ્વનો વિસ્તાર થયો હતો

જેઓ ધાર્મિક કે આધ્યાત્મિક માર્ગદર્શન શોધતા હોય તેમને કદાચ ગુરુની જરૂર પડી શકે છે, જે તેમને શીખવે છે અને તેમને યોગ્ય લાગે તેવા માર્ગ પર ચાલવા આદેશ પણ આપે છે. શિષ્યને કહેવામાં આવે છે કે, તેઓ ગુરુનું વિચાર્યા વગર અને આંખ બંધ કરીને પાલન કરે. જો કે, જેઓ વિદ્વાન (સ્કોલર) બનવા ઈચ્છતા હોય તેમણે ગુરુની શોધ કરવી સલાહભર્યું નથી. વિવેચનાત્મક તપાસ અને મૌલિક સંશોધન માટે મનની અમુક પ્રકારની સ્વતંત્રતા હોવી જરૂરી છે; અન્ય કોઈના કહેવાથી નહીં પણ પોતાનાં બૌદ્ધિક હિતો અનુસાર સિદ્ધાંતો અને પદ્ધતિઓ અપનાવવાની કે છોડી દેવાની ક્ષમતા હોવી જોઈએ - ભલે તે વ્યક્તિ ગમે તેટલી શક્તિશાળી કે (ખાસ કરીને) પ્રખ્યાત હોય.

દુર્ભાગ્યવશ, આધ્યાત્મિક શોધ અને શૈક્ષણિક અભ્યાસ વચ્ચેનો આ મહત્ત્વનો તફાવત ભારતમાં મોટા ભાગે વિસરાઈ ગયો છે. આપણા દેશની શૈક્ષણિક સંસ્કૃતિ સુધારા ન થઈ શકે તેવી રીતે સામંતશાહી છે, જ્યાં વયમાં મોટા અને ઉચ્ચ હોદ્દો ધરાવતાં લોકો લગભગ ગુરુ તરીકે વર્તવા માટે બંધાયેલા હોય તેવું અનુભવે છે. તેઓ આજ્ઞાપાલનની અપેક્ષા રાખે છે અને બદલામાં આદર મેળવે છે. આ બૌદ્ધિક સામંતશાહી વિજ્ઞાન અને માનવશાસ્ત્ર બંનેમાં અસ્તિત્વ ધરાવે છે અને માનવશાસ્ત્રની અંદર પણ તમામ વૈચારિક પાસાંઓમાં જોવા મળે છે. માર્ક્સવાદ સિદ્ધાંતમાં સામાજિક વંશવેલો કે શ્રેણીબદ્ધતાનો વિરોધ કરે છે, પરંતુ વ્યવહારમાં કોલકાતાના માર્ક્સવાદી પ્રોફેસરો તેમના જુનિયર સાથીદારો પ્રત્યે એટલા જ પદક્રમ-ચુસ્ત રહ્યા છે જેટલા વારાણસીના રૂઢિચુસ્ત હિન્દુ અભિગમ ધરાવતા પ્રોફેસરો હોય છે. યુવાન વિદ્વાનોએ ભલે કોઈ એક ગુરુની શોધમાં ન રહેવું જોઈએ, પરંતુ શરૂઆતના તબક્કે તેઓ પોતાનાથી મોટા વિદ્વાનો સાથે વાતચીત કરીને લાભ મેળવી શકે છે. આ અનુભવી વ્યક્તિઓ શરૂઆતી સંશોધકને સંકેતો, દિશાનિર્દેશો અને સૌથી વધુ તો વિવેચનાત્મક પ્રતિસાદ આપી શકે છે. તેઓ માર્ગદર્શક, સલાહકાર અથવા (કામચલાઉ ધોરણે) મેન્ટર બની શકે છે, પરંતુ ગુરુ ક્યારેય નહીં. વડીલો જે કહે તે ધ્યાનથી સાંભળવા છતાં, અંતે તો વ્યક્તિગત વિદ્વાને જ નક્કી કરવાનું હોય છે કે કઈ ચોક્કસ સંશોધન સમસ્યા પર કામ કરવું અને તે કઈ રીતે કરવું.

બૌદ્ધિક અભ્યાસ પરના આ વિચારો મને બે વરિષ્ઠ વિદ્વાનોના નિધનથી સ્ફુર્યા છે, જેમણે હું જ્યારે યુવાન હતો ત્યારે મને સૌથી વધુ પ્રભાવિત કર્યો હતો. આ બે વ્યક્તિઓ છે - પર્યાવરણશાસ્ત્રી માધવ ગાડગીલ, જેમનું ૮૩ વર્ષની વયે ૭ જાન્યુઆરીએ પુણેમાં અવસાન થયું અને સમાજશાસ્ત્રી આન્દ્રે બેતેઈલ, જેમનું ૯૧ વર્ષની વયે ૩ ફેબ્રુઆરીએ દિલ્હીમાં અવસાન થયું. હું ગાડગીલને પહેલી વાર ૧૯૮૨માં મળ્યો હતો જ્યારે હું ૨૪ વર્ષનો હતો અને તેઓ ૪૦ વર્ષના હતા. હું બેતેઈલને ૧૯૮૮માં મળ્યો હતો જ્યારે હું ૩૦ વર્ષનો થયો હતો અને તેઓ પચાસની મધ્યમાં હતા. અમારી ઉંમર વચ્ચેના તફાવત છતાં, મેં બંને સાથે તરત જ મિત્રતા કેળવી હતી, જે તેમના મૃત્યુ સુધી ચાલુ રહી. જો કે અમે ક્યારેક અમારાં પરિવારો વિશે વાત કરતા, પરંતુ મોટા ભાગે પ્રોફેસર ગાડગીલ અને બેતેઈલ સાથેની મારી વાતચીત સમાજ, રાજકારણ, સંસ્કૃતિ, ઈતિહાસ, પર્યાવરણ, ભારત અને વિશ્વ વિશે રહેતી.

પ્રથમ દૃષ્ટિએ, જીવનચરિત્રની દૃષ્ટિએ માધવ ગાડગીલ અને આન્દ્રે બેતેઈલને ઘણી બાબતો અલગ પાડે છે. ગાડગીલ વૈજ્ઞાનિક હતા, જ્યારે બેતેઈલ નહોતા. ગાડગીલનો ઉછેર પુણેમાં થયો હતો અને અંગ્રેજી શીખતાં પહેલાં તેઓ મરાઠી બોલતા હતા. જો કે બેતેઈલના પિતા ફ્રેન્ચ હતા, પરંતુ તેઓ તેમની માતાના પક્ષ (બંગાળી પરિવાર) સાથે વધુ જોડાયેલા હતા. તેઓ ચંદનનગરમાં ઉછર્યા અને મુખ્યત્વે કલકત્તામાં શિક્ષણ મેળવ્યું, શાળા-કોલેજમાં અંગ્રેજી અને શેરીમાં મિત્રો સાથે બંગાળી બોલતા. બેતેઈલે તેમની ડોક્ટરેટની ડિગ્રી ભારતમાં મેળવી હતી, જ્યારે ગાડગીલે અમેરિકામાં મેળવી હતી. ગાડગીલે તેમની વ્યાવસાયિક કારકિર્દીનો મોટો ભાગ બેંગલોરમાં વિતાવ્યો, જ્યારે બેતેઈલે દિલ્હીમાં. અંતે, ગાડગીલ અને બેતેઈલ ક્યારેય એકબીજાને મળ્યા નહોતા અને તેઓ એકબીજાને મુખ્યત્વે તેમના સામાન્ય મિત્ર (આ લેખક) દ્વારા જ જાણતા હતા.

તેમ છતાં, તેમની કારકિર્દીને સમગ્ર રીતે જોતાં હું તેમાં આશ્ચર્યજનક સમાનતાઓ જોઈ શકું છું. હવે પછી, હું એવી દસ વિશેષતાઓ ઓળખાવીશ જે માધવ ગાડગીલ અને આન્દ્રે બેતેઈલને તેમના બૌદ્ધિક અભિગમ અને શૈક્ષણિક અભ્યાસની દૃષ્ટિએ એકબીજાની નજીક લાવે છે.

પ્રથમ, બંને શિષ્યવૃત્તિ અને અભ્યાસના અભિગમમાં સાચા અર્થમાં ઈન્ટર-ડિસિપ્લિનરી હતા. બેતેઈલ એક એવા સમાજશાસ્ત્રી હતા જે ઈતિહાસકારો, અર્થશાસ્ત્રીઓ અને કાયદાકીય વિદ્વાનો સાથે સંવાદ કરતા હતા; ગાડગીલ એક એવા પર્યાવરણશાસ્ત્રી હતા, જેમણે વિજ્ઞાન અને માનવશાસ્ત્ર વચ્ચેના અંતરને ભૂંસીને નૃવંશશાસ્ત્રીઓ અને ઈતિહાસકારો સાથે મળીને સંશોધન કર્યું હતું.

બીજું, બંને તેમના કાર્યમાં સિદ્ધાંત અને પ્રયોગમૂલક સંશોધન સાથે લાવ્યા. રસપ્રદ વાત એ છે કે, બેતેઈલ નૃવંશશાસ્ત્રી તરીકે તાલીમ પામ્યા હતા, પરંતુ પછીથી તુલનાત્મક સમાજશાસ્ત્ર તરફ વળ્યા, જ્યારે ગાડગીલે પ્રકૃતિ સાથે માનવીય ક્રિયા-પ્રતિક્રિયાઓની વિવિધતા પર ક્ષેત્ર અભ્યાસ કરતાં પહેલાં પર્યાવરણશાસ્ત્રના સૈદ્ધાંતિક અભિગમથી શરૂઆત કરી હતી.

ત્રીજું, બંને શિક્ષણ આપવા અને સંસ્થા-નિર્માણ પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા ધરાવતા હતા. દરેકે એક જ સંસ્થામાં ત્રીસથી વધુ વર્ષ વિતાવ્યાં; બેતેઈલ દિલ્હી યુનિવર્સિટી (ખાસ કરીને તેના સમાજશાસ્ત્ર વિભાગ) સાથે ગાઢ રીતે જોડાયેલા રહ્યા, જ્યારે ગાડગીલ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (ખાસ કરીને તેના સેન્ટર ફોર ઈકોલોજીકલ સાયન્સ) સાથે દેખીતી રીતે જોડાયેલા હતા.

ચોથું, બંને શૈક્ષણિક જગતની બહાર વ્યાપક જનતા સાથે સક્રિયપણે જોડાયેલા રહ્યા. બંનેએ શૈક્ષણિક પુસ્તકો અને સંશોધન પત્રો પ્રકાશિત કર્યાં જેણે બૌદ્ધિક વલણો સ્થાપિત કર્યાં, છતાં બંને અવારનવાર અખબારોમાં લખતા હતા જેથી તેમના સાથી નાગરિકો માટે તેમનાં સંશોધનનાં ફળ સુલભ બને. નોંધનીય છે કે, બંનેમાંથી કોઈએ પોતાની જાતને કાર્યકર અથવા તો એક્ટિવિસ્ટ-ઈન્ટેલેક્ચ્યુઅલ તરીકે જોયા નથી. તેમણે તેમના જાહેર હસ્તક્ષેપને તે ક્ષેત્રો પૂરતા જ મર્યાદિત રાખ્યા જેમાં તેમણે પોતે સંશોધન કર્યું હતું.

પાંચમું, બંનેની કારકિર્દીની શરૂઆતમાં જ તેમના મૂળ પ્રાંતની બહાર જવાથી તેમના બૌદ્ધિક વિશ્વનો વિસ્તાર થયો હતો. બેતેઈલે કલકત્તાને બદલે દિલ્હીમાં અને ગાડગીલે પુણેને બદલે બેંગલોરમાં કામ કર્યું હોવાથી તેમની દૃષ્ટિ તે ભારતીય બૌદ્ધિકો કરતાં વધુ વ્યાપક હતી જેઓ પોતાનું આખું જીવન મોટા ભાગે પોતાના જ રાજ્યમાં વિતાવે છે. બેતેઈલનું સૌથી સઘન ક્ષેત્રકાર્ય તમિલનાડુમાં હતું અને ગાડગીલનું કર્ણાટક અને કેરળમાં હતું - એટલે કે, તેમના પોતાના સિવાયનાં અન્ય રાજ્યોમાં. તેમ છતાં, બંનેએ પોતાની માતૃભૂમિ સાથેનો સંપર્ક ગુમાવ્યો ન હતો. ગાડગીલ મરાઠી પ્રેસ માટે લખતા અને તેમનાં છેલ્લાં વર્ષો તેમના વતનમાં વિતાવ્યાં, જ્યારે બેતેઈલે તેમના ગુરુ નિર્મલકુમાર બોઝના ક્લાસિક બંગાળી લખાણનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો અને આ અખબાર માટે ઘણા લેખો પણ લખ્યા.

છઠ્ઠું, બંને ભારત બહારની દુનિયા વિશે જિજ્ઞાસુ હતા, તમામ રાષ્ટ્રીયતાના વિદ્વાનો સાથે જોડાવા અને તેમના કાર્યને ધ્યાનથી વાંચવા માટે ઉત્સુક હતા. આ રીતે તેઓ તેમનાં બૌદ્ધિક હિતોમાં સ્પષ્ટપણે સમગ્ર ભારતીય હોવાની સાથે સાથે વિશાળ આંતરરાષ્ટ્રીયવાદી પણ હતા.

સાતમું, તેમના માનસિક ઘડતરમાં સંકુચિતતાનો સંપૂર્ણ અભાવ હોવા છતાં, બંનેએ ભારતમાં રહેવાનું, કામ કરવાનું અને તેના બૌદ્ધિક જીવનમાં યોગદાન આપવાનું પસંદ કર્યું. ગાડગીલે હાર્વર્ડ યુનિવર્સિટીની નોકરી છોડીને સ્વદેશ પરત આવવાનું પસંદ કર્યું, જ્યારે બેતેઈલે કેમ્બ્રિજ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાની પ્રોફેસરશિપની ઓફરો ઠુકરાવીને દિલ્હીમાં જ રહેવાનું પસંદ કર્યું.

આઠમું, બંને દેશભક્ત હોવા છતાં, કોઈએ પણ ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ દેખાડા માટે દર્શાવવાનો પ્રયાસ કર્યો નથી. તે તેઓ જે રીતે જીવ્યા અને જે રીતે વર્ત્યા તેમાં વ્યક્ત થતું હતું - જાતિ, વર્ગ, લિંગ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના તમામ વિદ્યાર્થીઓ અને સાથીદારો સાથે સમાન વ્યવહાર કરીને અને ભારતીય બૌદ્ધિક જીવનમાં સતત યોગદાન આપીને.

નવમું, તેમની દેશભક્તિમાં દેશ જે કંઈ કરે અથવા જે કોઈ પક્ષે ઊભો રહે તેના પ્રત્યે અંધ કે વિચારહીન ભક્તિ નહોતી. બંને આઈરિશ વિદ્વાન બેનેડિક્ટ એન્ડરસનના તે નિવેદન સાથે સહમત થયા હોત કે, 'કોઈ પણ વ્યક્તિ સાચો રાષ્ટ્રવાદી ન હોઈ શકે. જો તે તેના રાજ્ય કે સરકાર દ્વારા આચરવામાં આવેલા ગુનાઓ (પોતાના સાથી નાગરિકો સામેના ગુનાઓ સહિત) બદલ શરમ અનુભવવા માટે અસમર્થ હોય'. બેતેઈલ અને ગાડગીલ બંનેએ ભારતીય સમાજમાં વ્યાપ્ત અસમાનતાઓ પ્રત્યે શરમ અનુભવી હતી અને તેમના શૈક્ષણિક તેમજ લોકપ્રિય લેખનમાં તે તરફ ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો હતો.

અંતે, તેમના સાથી પ્રોફેસરોથી વિપરીત, બેતેઈલ કે ગાડગીલ બંનેમાંથી કોઈને ગુરુ બનવું નહોતું, કે જેમની આસપાસ પૂજા કરનારાં શિષ્યોનું ટોળું હોય. તે બંને સમજતા હતા કે વરિષ્ઠ વિદ્વાનો પાસે તેમનાં વર્ષોના અનુભવ અને જ્ઞાનનું ભાથું હોય છે, જેનો લાભ અન્યોને મળી શકે છે. તેની સામે, આ વરિષ્ઠ વિદ્વાનો પણ યુવા વિદ્વાનોમાં જોવા મળતા ઉત્સાહ અને બૌદ્ધિક જોખમ લેવાની વૃત્તિમાંથી ઘણું શીખી શકે છે. આ વિચાર તેમની ઉદારવાદી વિચારધારા સાથે સુસંગત હતો. રાજકીય હોય કે બૌદ્ધિક બાબત, તેઓ ક્યારેય જડ કે ચુસ્ત નહોતા. તેઓ કોઈ એક ચોક્કસ વિચારધારામાં બંધાયેલા રહેવાને બદલે ભારત અને વિશ્વને સમજવા માટે હંમેશા ખુલ્લા મનનો અભિગમ રાખતા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

દીકરી એટલે

દરેક માતા - પિતાની દૃષ્ટિએ દીકરી એટલે - પણ જ્યારે દીકરી ડોક્ટર હોય તો તેને કંઈક અલગ રીતે વર્ણવી શકાય.સુરતના એક પ્રખ્યાત ટ્યુશન ક્લાસના સ્થાપક,જાણીતા શિક્ષણવિદ્ અને મોટિવેશનલ સ્પીકર દ્વારા લખાયેલ ડોક્ટર દીકરી વિશે ' દીકરી એટલે ક્રિએટિવિટીનું ઉત્તમ ઉદાહરણ છે'. જે નીચે મુજબ છે.

દીકરી એટલે માતા - પિતાના વાત્સલ્યનો કાર્ડિયોગ્રામ,

પારિવારિક સંબંધોનો સી ટી સ્કેન.

દીકરી એટલે ઘરને ધબકતું રાખતું પેસ મેકર,

ઊર્જાનું ઈન્જેક્શન.

દીકરી એટલે ઉત્સવમાં નવા શ્વાસ ભરતું ન્યુબિલાઈઝર,

મુશ્કેલીમાં ઢાલ સમી વેક્સિન.

દીકરી એટલે ઘરની હૂંફ જાળવતી પેરાસીટામોલ,

ઝખ્મની બેન્ડ એઈડ.